## 1. સમાજમાં જૂથો અને પેટાજૂથોની રચના કઈ રીતે થાય છે?

- જૂથો અને પેટાજૂથો એ સમાજનું મહત્ત્વનું લક્ષણ છે. સમાજમાં કૌટુંબિક, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને રાજકીય જૂથો અસ્તિત્વ ધરાવે છે. સમાજજીવનની જરૂરિયાતો સંતોષવા માનવી વચ્ચે શ્રમવિભાજન થાય છે. જુદા જુદા માનવી જુદાં જુદાં કાર્યો કરે છે. તેમાંથી દરજ્જા, સત્તા અને પ્રતિષ્ઠાના આધાર પર સામાજિક કોટિક્રમ વિકાસ પામે છે, જે સામાજિક અસમાનતા અને ઊંચ-નીચના ભેદભાવનો નિર્દેશ કરે છે. જેના પરિણામે સમાજમાં જૂથો અને પેટાજૂથોની રચના થાય છે.

## 2. સામાજિક નિયંત્રણ માનવીનું ઘડતર અને નિયંત્રણ કઈ રીતે કરે છે ?

- સમાજે પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા સામાજિક નિયંત્રણની વિવિધ પદ્ધતિઓ વિકસાવી છે. સમાજના સભ્ય તરીકે વ્યક્તિના વર્તનનું નિયંત્રણ કરતી તેમજ અમુક પરિસ્થિતિમાં કઈ રીતે વતી શકાય અને કઈ રીતે ન વર્તી શકાય તે સૂચવતી માનવવર્તનની ધોરણાત્મક વ્યવસ્થાને સામાજિક નિયંત્રણ કહે છે.
- રૂઢિ, રિવાજ, પરંપરા, લોકનીતિ, ફેશન, કાયદા, શિષ્ટાચાર વગેરે સામાજિક નિયંત્રણ માનવીનું ઘડતર અને નિયંત્રણ કરે છે.

## 3. સમાજ કઈ રીતે સાતત્ય જાળવી રાખે છે ?

- સમાજ સતત ટકી રહેતી વ્યવસ્થા છે. જૈવિક પ્રજનન દ્વારા તેમાં નવા સભ્યોની ભરતી થાય છે. સમાજ એ સભ્યોને સમાજી કરણની પ્રક્રિયા દ્વારા સમાજના સ્વીકાર્ય સભ્યો તરીકે લાયક બનાવે છે. બધી ઉંમરના તમામ મહિલા અને પુરુષો પોતાનું સમગ્ર જીવન સમાજમાં જ વિતાવે છે. સમાજ દરેક વ્યક્તિને સામાજિક જીવન જીવવાની તાલીમ આપે છે. આમ, સમાજ જૈવિક અને સામાજિક એમ બંને સંદર્ભમાં સાતત્ય જાળવી રાખે છે.

## 4. શા માટે સમાજની વ્યક્તિઓ ચોક્કસ ભૂમિકા અને દરજ્જા ધરાવે છે?

- સમાજની વ્યક્તિઓ નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં સહિયારું જીવન જીવે છે. તેઓ કાર્યવિભાજન પર આધારિત પરસ્પરાવલંબનની વ્યવસ્થા દ્વારા પોતાની જરૂરિયાતો સંતોષ છે. કાર્યવિભાજનમાં સમાજની જુદી જુદી વ્યક્તિઓ વિભિન્ન અધિકારો અને કર્તવ્યોના બનેલા જુદા જુદા દરજ્જાઓ ધરાવે છે.
- એ દરજ્જાઓ સાથે સંકળાયેલા અધિકારોના ભોગવટા દ્વારા તેમજ કર્તવ્યોની બજવણી દ્વારા તેઓ પોતપોતાની ભૂમિકાઓ ભજવે છે. આમ, સમાજની વ્યક્તિઓ ચોક્કસ ભૂમિકા અને દરજ્જા ધરાવે છે.

## 5. સામાજિક ધોરણોનાં મુખ્ય લક્ષણો જણાવો.

- સામાજિક ધોરણોનાં મુખ્ય લક્ષણો આ પ્રમાણે છે : (1) સામાજિક ધોરણોના ઉદ્ભવની રીત, (2) સમાજી કરણની પ્રક્રિયા દ્વારા શિખાય છે, (3) સાંસ્કૃતિક મૂલ્યો સાથે સંબંધ, (4) સાર્વત્રિકતા અને વૈવિધ્ય તથા (5) વર્તનનું મૂલ્યાંકન અને સજાપદ્ધતિનું સ્વરૂપ.